# * શુદ્ધ પારિણામિકભાવ *

## (૩૨૦ ગાથા ટીકા ગુજરાતી અનુવાદનો આધાર)

(૭૭મી સમ્યક્ત્વજયંતી પત્રિકા લેખન દિવસ તા. ૧૫-૧-૦૯, રવિવાર)

(હરિગીતિકા ૨૮ માત્રા)

નિષ્ક્રિય, ધ્યેયરૂપ છે, જે સકળ નિરાવરણ છે;
અખંડ છે, જે એક છે, તે શુદ્ધ પારિણામિક છે. ૧

જે સહજ, શુદ્ધ જ્ઞાન છે, અવિનશ્વર જે શુદ્ધ છે;
પ્રત્યક્ષ પ્રતિભાસમય રહે, તે શુદ્ધ પારિણામિક છે. ૨

કારક નથી, વેદક નથી, જે શૂન્ય છે કર્તૃત્વથી;
ભોક્તૃત્વથી છે શૂન્ય જે, તે શુદ્ધ પારિણામિક છે. ૩

ના ભાવનારુપ વળી ના રાગક્રિયારૂપ છે;
મોહાદિથી ના ઢંકાય જે, તે શુદ્ધ પારિણામિક છે. ૪

શુદ્ધભાવનારૂપ પરિણતિ, તે ક્રિયારૂપ ના હોય જે;
રાગાદિ પરિણત જે નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૫

શુદ્ધોપયોગથી ભિન્ન જે, શુદ્ધ ઉપાદાનરૂપ છે;
જે શુદ્ધ આતમ દ્રવ્ય છે, તે શુદ્ધ પારિણામિક છે. ૬

દ્રવ્યરૂપ છે, પર્યાય ના, જે શક્તિરૂપે મોક્ષ છે;
જે વિદ્યમાન સદાય છે, તે શુદ્ધ પારિણામિક છે. ૭

જે બંધકારણ શૂન્ય છે, છે મોક્ષકારણ શૂન્ય જે;
બંધ, મોક્ષને જાણે જ છે, તે શુદ્ધ પારિણામિક છે. ૮

બંધ પરિણામથી શૂન્ય ને મોક્ષપરિણામે શૂન્ય જે;
કર્મોદયને જાણે જ છે, તે શુદ્ધ પારિણામિક છે. ૯

જે અકર્તૃત્વરૂપ વળી, જે અભોક્તૃત્વરૂપ છે;
શુદ્ધભાવના પરિણત ક્રિયા નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૦

પરમાતમ નિજ દ્રવ્ય જે, શુદ્ધ જીવત્વરૂપ છે;
જે મોક્ષમાં પણ હયાત છે, તે શુદ્ધ પારિણામિક છે. ૧૧

નય જે શુદ્ધદ્રવ્યાર્થિક છે, તે નયાશ્રિત જે હોય છે;
દશ પ્રાણરૂપ પણ જે નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૨

જે બંધ પરિણતિ રહિત છે, મોક્ષ પરિણતિ પણ જ્યાં નથી;
ભવ્યત્વ-અભવ્યત્વ નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૩

હો નિર્જરા સકામ કે હો નિર્જરા અકામને;
જે જાણતો, કરતો નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૪

હો નિર્જરા સવિપાક કે હો નિર્જરા અવિપાકને;
જે જાણતો, કરતો નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૫

એ રીત સમયસારની ગાથા ત્રણસો વીસ જે;
જયસેન આચાર્ય ટીકા, શુદ્ધ પારિણામિક વર્ણવે. ૧૬

❁

રચનાકાર—''ચૈતન્યપ્રિય''